<u>પરાવર્તિત વાંચન</u>

<u>વ્યાખ્યાન:૫</u>

**એકમ ૧.૨ ડેવિસના પાઠ સમજવાના સંભવિત નવ કુશળ ઘટકો**

૧. શબ્દોના અર્થ:

- સાહિત્યિક લેખનમાં શબ્દોનો ચોક્કસ અર્થ સમજવો.

- કૃતિમાં વપરાયેલ શબ્દોને સમજવાનો પ્રયાસ.

- અઘરા શબ્દોનો અર્થ ટીપ્પણી કે શબ્દાર્થમાં આપેલો જ હોય છે.

- શબ્દોનો ઉપયોગ વિદ્યાર્થીની વાય કક્ષાને અનુરૂપ જ હોય છે.

૨. શબ્દોના અર્થ કયા સંદર્ભમાં

- શબ્દોનો ઉપયોગ કયા સંદર્ભમાં થયો છે.

- કથાનકને સમજવા માટે સંદર્ભ હાર્દ સમાન છે, વાચકને તે અર્થના મૂળ સુધી લઇ જાય છે.

દા.ત. કટાક્ષ, રમુજ, આદેશ, વિધાન આ બધા માંથી કયા સ્વરૂપે શબ્દ પ્રયોગ થયો છે તે જાણો.

ઉ.દા.

> પહેરો આપવો: વફાદારીના સંદર્ભમાં કે ચોકીદારીના સંદર્ભમાં.

> બાજી મારવી:  છળ, કપટ કે જીત, ફતેહ

> तोते उड गए: પક્ષીની વાત નથી ભયની વાત છે. गाँव बसा नहीं लूंटेरे आ गए:

> એકાંત (Isolation): Medical કે Philosophy ના સંદર્ભ માં

> શ્રદ્ધા: નામ કે વિશેષણ

> સુગર: ડાયાબીટીસ કે ખાંડ (બીમારી કે કરિયાણા સાથે સંબંધિત)

૩. ફકરાના બંધારણને અનુસરવું:

- ભાષા શૈલી - આરોહ અવરોહ - એક ભાષા માં અન્ય કે વધુ ભાષાનો ઉપયોગ – શીર્ષક

- ભાષા કક્ષા (ઉચ્ચ કે નિમ્ન) - ભાષા (સરળ કે સંકુલ) - વાક્ય રચના ઉપર એક વિચાર

૪. મુખ્ય વિચાર:

- લખાણનો મુખ્ય વિચાર શું છે (i.e Joseph Conrad “Heart of Darkness” Congo Diary Journey to Congo) માંથી વિચાર

- લખવાનો વિચાર ક્યાંથી કેવી રીતે આવ્યો? (સફરજનનું નોચે પડવું અને ન્યૂટનનો ગતિ નો સિદ્ધાંત શોધાયો)

- દા.ત વાલીયો... વાલ્મીકી... રામાયણ...

૫. પ્રશ્નનો જવાબ ચોક્કસ લખાણ આધારિત:

- પ્રશ્નોના જવાબ કેવા હોવા જોઈએ (સુસંગત.. સન્ક્ષિપ્ત..સાર..અર્થ સભર )

- ફકરો તેમજ પૂછવામાં આવેલ પર્શ્નોનો અનુબંધ

- પ્રશ્નોના સ્વરૂપમાં ઉપયોગમાં લેવાયેલ શબ્દો કક્ષા અનુરૂપ હોવા જોઈએ.

દા.ત. ધો.૩ ......ના શબ્દ ચિત્ર આલેખો (વિ. ના મનમાં ચિત્ર દોરવાનું થશે નહિ કે શાબ્દિક સ્વરૂપ)

૬. ફકરાના શાબ્દિક રૂપાંતર સાથે આધારિત પ્રશ્નો:

- પ્રશ્નો પાઠ આધારિત હોવા જોઈએ – પ્રશ્નોનું પ્રમાણ – સંખ્યા – કઠિનતા મૂલ્ય – પ્રશ્નોની સુસંગતતા

– પ્રશ્નોના પ્રકાર (ટૂંકા.. સ્પષ્ટ.. સવિસ્તાર)

૭. વિષય વસ્તુ વિશેના સૂચનો વિકસાવવા:

વાચકે વિષય વસ્તુ વિશેના સૂચનો વિકસાવવા જેમ કે

- વિ.વસ્તુનું પ્રમાણ – વિ.વસ્તુના કથાનકની વિવિધતા દા.ત. મહાભારત માં ભાગવત ગીતા

- શબ્દોનો ઉપયોગ – શીર્ષક પ્રમાણે લખાણની બાબત – શિર્ષકની યથાર્થતા

૮. સાહિત્યિક ઉપકરણ:

લેખકે કયા સાહિત્યિક ઉપકરણોનો ઉપયોગ કર્યો છે વગેરે...

જેમ કે,

પ્રતીકાત્મક કૃતિ

-> મળેલા જીવ (મેલા થી શરુ થઇ મેળામાં જ પૂરી થાય છે.)

-> લોક ગીત વીજળીને ચમકારે...(વીજળી તે પ્રતિક છે.)

કથાકાર કે વાર્તાકાર દ્વારા કૃતિ (ફલેશબેક સીસ્ટમ)

-> ફિલ્મ જબ તક હૈ જાન (અનુષ્કા ડાયરી વાંચે છે) અન્ય ફિલ્મો જેમ કે સુલતાન, બોડીગાર્ડ વગેર

-> અંગ્રેજી નવલકથા Wuthering Height (નેલી નામનું પાત્ર લોકવુડને વાર્તા કહે છે)

સંશોધન આધારિત કથા

-> ગજની ફિલ્મ (મેડીકલ student research માટે કેસ પપેરનો અભ્યાસ)

૯. લેખકનો હેતુ:

કૃતિ સર્જન પાછળનો લેખકનો ઉદ્દેશ કયો?

-> રામાયણ, મહાભારત, કુરાન, બાઈબલ, સાંખ્યયોગ... (લોકોની સંસ્કૃતિક, સામાજિક, સંસારિક સુખાકારી માટે)

-> ટીવી સીરીયલ નુક્કડ કે તારક મહેતાના ચશ્માં થાકી વિવિધ પ્રાંત, ધર્મ, સંસ્કૃતિના લોકો સંપ દર્શાવવા

-> ફિલ્મ બોર્ડર, ગદર, સર્ફોરોશ.. ફૌજના સૈનિકોનો જુસ્સો વધારવા, લોકોમાં દેશ ભક્તિ વધારવા, ફૌજ માં જોડવા..

-> ચિત્ર, પોસ્ટર, પિકચર કોઈક સંદેશો આપે છે.